Shah Steel
SINCE - 1969
1969 - 2019
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
SAIL | Shree BALBIR Food Product Pvt. Limited | AM/NS INDIA | JSW | MONNET Steel | Power | Mining | JINDAL STEEL & POWER

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદા વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
સાયટીકા-મણકાના રોગો
સ્લિપડિસ્ક L4-L5 L5-S1 ની સમસ્યાઓ
DTRT
ઉપનાહ સ્વેદન
લેપન
વેધાગ્નિકર્મ
પંચકર્મ
EKLપંચકર્મ
પટ્ટબંધન
અગ્નિકર્મ
ક્ષારકર્મ
વેધનકર્મ (વિધ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
ભરૂચ એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અષાઢ સુદ એકમ બુધવાર ૧૫ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૨૪

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦

# હોર્મુઝમાં ઈરાની હુમલામાં એક ભારતીય નાવિકનું મોત

## પાસપોર્ટ નાગરિકત્વનો નહીં, વિદેશ જવા માટેનો દસ્તાવેજ: વિદેશ મંત્રાલય

**પાસપોર્ટ** કાયદેસરની ચકાસણી બાદ જ અપાય છે, પરંતુ તેનો મુખ્ય હેતુ વિદેશ પ્રવાસનું નિયમન કરવાનો

દેશના માત્ર ૮% નાગરિકો પાસે જ પાસપોર્ટ



નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ): પાસપોર્ટ નાગરિકત્વ સાબિત કરવાનો નહીં, પરંતુ ભારતીય નાગરિકોના દેશમાંથી પ્રસ્થાનને નિયમિત કરવા માટે સરકાર દ્વારા જારી કરવામાં આવતો દસ્તાવેજ છે, એમ વિદેશ મંત્રાલયે મંગળવારે સ્પષ્ટતા કરી હતી.

ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા (SIR) દરમિયાન પાસપોર્ટને નાગરિકત્વના પુરાવા તરીકે માન્યતા આપવા અંગે ચાલી રહેલા વિવાદ વચ્ચે મંત્રાલયનું આ નિવેદન આવ્યું છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે પાસપોર્ટ નિર્ધારિત પ્રક્રિયા અને જરૂરી ચકાસણી બાદ જ આપવામાં આવે છે. પાસપોર્ટ જારી કરવાની સમગ્ર પ્રક્રિયા પાસપોર્ટ અધિનિયમ-1967 અને પાસપોર્ટ નિયમો-1980 હેઠળ નિયંત્રિત થાય છે. હાલમાં ભારતના 8 ટકાથી પણ ઓછા નાગરિકો પાસે પાસપોર્ટ છે.

24 જૂને પાસપોર્ટ સેવા દિવસ નિમિત્તે યોજાયેલી બ્રિફિંગમાં પણ મંત્રાલયના અધિકારીઓએ પાસપોર્ટને મુસાફરી માટેનો દસ્તાવેજ ગણાવ્યો હતો, નાગરિકત્વનો પુરાવો નહીં. આ નિવેદન બાદ કોંગ્રેસ સહિતના વિપક્ષી પક્ષોએ સવાલ ઉઠાવ્યો હતો કે જો પાસપોર્ટ સરકાર દ્વારા જારી થાય છે તો તે ધારકના નાગરિકત્વનું પ્રતિબિંબ કેમ ન ગણાય.

કોંગ્રેસે આરોપ લગાવ્યો હતો કે સરકાર પોતાની સાથે અસહમત નાગરિકોના નાગરિકત્વના અધિકારો મનસ્વી રીતે નકારવાનો માર્ગ

...અનુસંધાન પાના 11 પર

**UAE** ના બે તેલ ટેન્કરોને ક્રૂઝ મિસાઈલથી નિશાન બનાવાયા, 10 ઘાયલ

**ઈરાનના** નાયબ રાજદૂતને બોલાવી ભારતે નોંધાવ્યો વિરોધ

પશ્ચિમ એશિયાના યુદ્ધમાં અત્યાર સુધી ૧૪ ભારતીયોના મોત

ભારતે 24x7 કંટ્રોલ રૂમ સક્રિય કર્યો, ભારતીય નૌકાદળ પણ એલર્ટ

નવી દિલ્હી-દુબઈ, તા. 14 (પીટીઆઈ): હોર્મુઝની સામુદ્રધુનીમાં ઈરાને યુએઈના બે તેલ ટેન્કરો પર કરેલા મિસાઈલ હુમલામાં એક ભારતીય નાવિકનું મોત થયું છે જ્યારે 10 ભારતીયો સહિત અનેક લોકો ઘાયલ થયા છે.

ઘટનાને લઈને ભારતે નવી દિલ્હીમાં ઈરાનના દૂતાવાસના નાયબ વડાને બોલાવીને સખત વિરોધ નોંધાવ્યો છે. આ દરમિયાન પશ્ચિમ એશિયામાં વધતા તણાવને પગલે ભારતે 24 કલાક કંટ્રોલ રૂમ સક્રિય કરી દીધો છે અને ભારતીય નૌકાદળ પણ સતત સ્થિતિ પર નજર રાખી રહ્યું છે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું કે ઓમાનના જળવિસ્તારમાંથી પસાર થઈ રહેલા એમટી અલ બાહિયાહ અને એમટી મોમ્બાસા નામના બંને જહાજોમાં કુલ 46 ક્રૂ સભ્યો સવાર હતા જેમાંથી 30 ભારતીય નાવિકો હતા. એમટી અલ બાહિયાહમાં રહેલા 12 ભારતીયોમાંથી એકનું મોત થયું અને એક ઘાયલ થયો હતો, જ્યારે એમટી મોમ્બાસામાં રહેલા 18 ભારતીયોમાંથી 9 ઘાયલ થયા છે, જેમાં 2ની હાલત ગંભીર છે. યુએઈના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા મુજબ બંને જહાજોને ઈરાનની બે ક્રૂઝ મિસાઈલોએ નિશાન બનાવ્યાં હતાં, જેના કારણે આગ ફાટી નીકળી હતી. જોકે બાદમાં આગ પર કાબૂ મેળવી લેવાયો હતો.

ભારતે આ હુમલાને આંતરરાષ્ટ્રીય જળમાર્ગોમાં મુક્ત અને સુરક્ષિત

...અનુસંધાન પાના 11 પર

### પર્શિયન ખાડીમાં 148 નાવિકો સાથે 7 ભારતીય જહાજ હાજર

દરમિયાન, બંદરો, જહાજરાણી અને જળમાર્ગ મંત્રાલયે જણાવ્યું કે પર્શિયન ખાડીમાં હાલમાં ભારતીય ધ્વજ ધરાવતા 7 જહાજો કાર્યરત છે, જેમાં 148 ભારતીય નાવિકો સવાર છે. તેમાં 3 કન્ટેનર જહાજ, 1 ક્રૂડ ઓઈલ ટેન્કર, 1 ઓઈલ-કેમિકલ ટેન્કર, 1 બલ્ક કેરિયર અને 1 ડ્રેજરનો સમાવેશ થાય છે. મંત્રાલયે જણાવ્યું કે ભારતીય નૌકાદળ અને અન્ય એજન્સીઓ સાથે મળીને સમગ્ર સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે તેમજ નાવિકોના પરિવારજનો સાથે સતત સંપર્ક જાળવવામાં આવી રહ્યો છે. 24 કલાક કાર્યરત ડાયરેક્ટોરેટ જનરલ ઓફ શિપિંગનું કંટ્રોલ રૂમ પણ જરૂરી સહાય માટે સક્રિય રાખવામાં આવ્યું છે.

## નોર્વેની ટીમનું વર્લ્ડકપમાં હાર્યાનું દુ:ખ ચાહકોની મોટી ભીડે ઉજવણીમાં ફેરવ્યું






ફિફા વર્લ્ડકપની ક્વાર્ટર ફાઇનલમાં શનિવારે ઇંગ્લેન્ડ સામે એકસ્ટ્રા ટાઇમમાં મળેલા 2-1 થી પરાજય પછી નોર્વેનો ઐતિહાસિક પ્રવાસ સમાપ્ત થયા પછી પરાજયની પીડાથી દુ:ખી નોર્વેની ટીમ જ્યારે સોમવારે બપોરના સમયમાં પોતાના વતન પરત ફરી ત્યારે પાટનગર ઓસ્લોની શેરીઓમાં 100,000થી વધુ ચાહકોએ ઉમટીને તેમની ટીમનું ઉષ્માભર્યું સ્વાગત કરીને વર્લ્ડકપમાંથી બહાર નીકળવાની પીડા ભુલાવીને એક વિશાળ રાષ્ટ્રીય ઉજવણીના અનુભવમાં તેને ફેરવી દીધું હતું. રાજધાનીમાં તેમના ઘરે પાછા ફરવાની પરેડ શરૂ કરતા પહેલા નોર્વેની ટીમને પરંપરાગત વોટર કેનન સલામી અપાઇ હતી. સમર્થકોની લાઇન ઝડપથી મહેલના ચોકમાં ભરાઈ ગઈ અને પછી મુખ્ય શેરી, કાર્લ જોહાન્સ ગેટ સુધી ફેલાઈ ગઈ. ટીમે પ્રથમ વખત રાજા હેરાલ્ડ પાંચમા સાથે હાજરી આપી હતી. હજારો ચાહકોનું નેતૃત્વ ક્રાઉન પ્રિન્સ હાકોને ડ્રમ પર હાથ અજમાવીને કર્યું હતું.

## દિલ્હી ડાયરી

### ભાજપ પ્રમુખની નવી ટીમની તૈયારીઓ

ભારતીય જનતા પાર્ટી (બીજેપી)ના યુવા અને ઉત્સાહી રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનને તેમની નવી ટીમ બનાવવામાં ભલે પાંચ મહિનાનો સમય લાગ્યો હોય, પરંતુ તેઓ તેમની નવી ટીમને લઈને ખૂબ જ રોમાંચિત દેખાઈ રહ્યા છે. તેમની નવી ટીમની જાહેરાત હવે ગમે ત્યારે થઈ શકે છે અને આગામી દિવસોમાં તે ગમે ત્યારે સામે આવી શકે છે.

આ પહેલાં નવીને ભગવા પક્ષની ચૂંટણીમાં જીતની શક્યતાઓ ચકાસવા માટે પંજાબના ત્રણ દિવસના પ્રવાસે ગયા હતા, જ્યાં આગામી વર્ષે વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. ૧૫ જૂનના રોજ અધિક માસ પૂરો થયાના બીજા જ દિવસે એટલે કે ૧૬ જૂને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહના નિવાસસ્થાને ભાજપ અને આરએસએસના ટોચના નેતાઓની એક મહત્ત્વની બેઠક બોલાવવામાં આવી હતી.

એવું કહેવાય છે કે આ બેઠકમાં સિંહ, નવીન, ગૃહમંત્રી અમિત શાહ, ભાજપના સંગઠન મહાસચિવ બી. એલ. સંતોષ, સંગઠનના સહ-પ્રભારી શિવ પ્રકાશ અને

...અનુસંધાન પાના 11 પર

### તા. ૧૪-૦૭-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 0.0 મીમી | ૧૫૪.૮૮ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૫.૦ સે. | ૨૮.૦ સે. | ૬૨% |

## જબરદસ્તી મજૂરીથી બનેલા માલની આયાત પર ભારતનો પ્રતિબંધ

**અમેરિકાના** દબાણ અને વેપાર તપાસ વચ્ચે ભારતે વિદેશ વેપાર નીતિમાં સુધારો કર્યો

**તપાસ** બાદ ચોક્કસ ઉત્પાદનો અને માલ પર પ્રતિબંધ મૂકી શકશે સરકાર



નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ): ભારત સરકારે વિદેશ વેપાર નીતિ (FTP) 2023માં સુધારો કરીને જબરદસ્તી મજૂરી (ફોર્સ્ડ લેબર) દ્વારા સંપૂર્ણ કે આંશિક રીતે ઉત્પાદિત માલની આયાત પર પ્રતિબંધ મૂક્યો છે. આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે અમેરિકા ભારત સહિત 60 દેશોમાં જબરદસ્તી મજૂરી સંબંધિત પ્રથાઓની તપાસ કરી રહ્યું છે.

ડિરેક્ટોરેટ જનરલ ઑફ ફોરેન ટ્રેડ (DGFT) દ્વારા બહાર પાડવામાં આવેલી 13 જુલાઈની ગેઝેટ સૂચના અનુસાર, આ જોગવાઈ સત્તાવાર પ્રકાશનના 30 દિવસ બાદ અમલમાં આવશે. જોકે હાલ કોઈ ચોક્કસ દેશ કે ઉત્પાદન પર પ્રતિબંધ મૂકાયો નથી. સરકારને તપાસ બાદ અલગથી સૂચના જાહેર કરીને આવા માલની આયાત પર પ્રતિબંધ મૂકવાની સત્તા આપવામાં આવી છે. તપાસની પ્રક્રિયા હેન્ડબુક ઑફ પ્રોસિજર્સ-2023 મુજબ હાથ ધરાશે.

નવી જોગવાઈ હેઠળ આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (ILO)ના 1930ના કન્વેન્શન નંબર 29 મુજબ 'ફોર્સ્ડ લેબર'ની વ્યાખ્યા પણ સામેલ કરવામાં આવી છે. તેના અનુસાર, કોઈપણ વ્યક્તિ પાસેથી તેની સ્વૈચ્છિક સંમતિ વિના દંડ કે ધમકીના ભય હેઠળ લેવાતું કામ જબરદસ્તી મજૂરી ગણાશે.

આ નિર્ણય ભારત-અમેરિકા દ્વિપક્ષીય વેપાર કરાર (BTA) અંગે ચાલી રહેલી વાટાઘાટો વચ્ચે આવ્યો છે. અમેરિકાએ 3 જૂને ભારત સહિત 54 દેશો પર જબરદસ્તી મજૂરીથી બનેલા માલની આયાત રોકવામાં નિષ્ફળ રહેવાના આરોપસર 12.5 ટકા ટેરિફનો પ્રસ્તાવ મૂક્યો હતો.

વેપાર વિશ્લેષકોના મતે, ભારતે આંતરરાષ્ટ્રીય ધોરણોને અનુરૂપ કાનૂની માળખું મજબૂત કર્યું છે, જે ભવિષ્યની વેપાર વાટાઘાટો અને બજાર પ્રવેશ સંબંધિત ચર્ચાઓમાં દેશની સ્થિતિ વધુ મજબૂત બનાવી શકે છે.

## જથ્થાબંધ ફુગાવો ૧૦ ટકાની નજીક

**જૂનમાં** જથ્થાબંધ ફુગાવો વધીને 9.87% પર, અલ નીનોની અસરથી ખાદ્ય ફુગાવો 5.49% પર પહોંચ્યો

**ખાદ્ય** ચીજો, ખનિજો અને કેમિકલ ઉત્પાદનો બન્યા ફુગાવાના મુખ્ય કારણ જુલાઈમાં પણ મોંઘવારી ઊંચી રહેવાનો અંદાજ

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ): દેશમાં જૂન મહિનામાં જથ્થાબંધ ભાવ સૂચકાંક (WPI) આધારિત ફુગાવો વધીને 9.87 ટકા પર પહોંચ્યો છે, જે મે મહિનામાં 9.68 ટકા હતો. ખાદ્ય ચીજો, બિન-ખાદ્ય ઉત્પાદનો અને ખનિજોના ભાવમાં થયેલા વધારાને કારણે ફુગાવામાં વધારો નોંધાયો છે.

નવા 2022-23 આધાર વર્ષ મુજબ જાહેર કરાયેલા આ આંકડાઓમાં ખાદ્ય ફુગાવો 3.60 ટકાથી વધીને 5.49 ટકા થયો છે. અલ નીનોની અસરને કારણે ઓછા વરસાદથી ખાદ્ય ચીજોના ભાવમાં વધારો થયો હોવાનું વાણિજ્ય મંત્રાલયે જણાવ્યું છે.

બિન-ખાદ્ય ઉત્પાદનોનો ફુગાવો પણ ઊંચો 11.07 ટકા અને ખનિજોનો ફુગાવો 9.45 ટકા રહ્યો છે. જ્યારે ઈંધણ અને વીજળી ક્ષેત્રનો ફુગાવો મેના 30.33 ટકાથી ઘટીને 27.41 ટકા થયો છે. ઉત્પાદિત માલમાં ફુગાવો 7.48 ટકા પર સ્થિર રહ્યો. મિનરલ ઓઈલ (પેટ્રોલિયમ ઉત્પાદનો સામેલ), ખાદ્ય ચીજો, બેઝિક મેટલ્સ અને કેમિકલ ઉત્પાદનો જૂનના વધુ ફુગાવાના મુખ્ય કારણો રહ્યા હોવાનું મંત્રાલયે જણાવ્યું હતું.

અર્થશાસ્ત્રીઓના જણાવ્યા અનુસાર અમેરિકા-ઈરાન વચ્ચે યુદ્ધવિરામની જાહેરાત બાદ જૂનમાં વૈશ્વિક કોમોડિટી અને ક્રૂડ ઓઈલના ભાવમાં થોડી રાહત મળી હતી, પરંતુ પશ્ચિમ એશિયામાં ફરી વધેલા તણાવને કારણે આગામી મહિનાઓમાં સ્થિતિ પર નજર રાખવી પડશે. ઈન્ડિયા રેટિંગ્સનું અનુમાન છે કે જુલાઈમાં WPI ફુગાવો લગભગ 10 ટકા સુધી પહોંચી શકે છે. બીજી તરફ, 2026ના ત્રીજા ત્રિમાસિક ગાળામાં તેમાં નરમાઈ આવવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

સરકારે WPI સાથે પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સ (PPI) પણ જાહેર કર્યો છે, જે જૂનમાં 9.6 ટકા રહ્યો હતો. આગામી 5 વર્ષમાં WPIને સંપૂર્ણપણે PPIથી બદલવાની યોજના છે. દરમિયાન, જૂનમાં રિટેલ ફુગાવો (CPI) પણ વધીને 4.38 ટકા થયો છે. આરબીઆઈએ ચાલુ નાણાકીય વર્ષ માટે ફુગાવાનો અંદાજ 4.6 ટકાથી વધારી 5.1 ટકા કર્યો છે, કારણ કે વૈશ્વિક ઊર્જા કિંમતોમાં વધારાની અસર સ્થાનિક ઈંધણના ભાવ પર પણ જોવા મળી રહી છે.

### ઈરાનના પરમાણુ મથક 'પિકએક્સ માઉન્ટેન' પર મોટા હુમલાની ચેતવણી

## અમેરિકાના ઈરાન પર ભીષણ હવાઈ હુમલા

**અમેરિકાએ** ઈરાનના મિસાઈલ, ડ્રોન, નૌકાદળ અને તટીય સંરક્ષણ ઠેકાણાં પર હવાઈ હુમલા કર્યા

**હોર્મુઝમાં** જહાજો, અમેરિકી સહયોગી દેશો અને સૈન્ય ઠેકાણાં પર ઈરાનના હુમલા

ક્રૂડ ઓઈલ USD ૮૬ને પાર

વોશિંગ્ટન-દુબઈ, તા. 14 (એપી): અમેરિકાએ ઈરાન સામે ફરી એકવાર વ્યાપક હવાઈ હુમલા શરૂ કરતાં પશ્ચિમ એશિયામાં યુદ્ધ વધુ ભડકી ઊઠ્યું છે. અમેરિકાએ હોર્મુઝની સામુદ્રધુનીમાં ઈરાન પર ફરી નૌકાબંધી લાદવાની જાહેરાત કર્યા બાદ મંગળવારે વહેલી સવારે ઈરાનના અનેક સૈન્ય ઠેકાણાઓ પર હુમલા કર્યા હતા. તેના જવાબમાં ઈરાને બહેરીન, જોર્ડન, કુવૈત, કતાર અને ઓમાનમાં આવેલા અમેરિકી હિતોને નિશાન બનાવવાની સાથે હોર્મુઝમાંથી પસાર થતાં યુએઈના બે તેલ ટેન્કરો પર પણ મિસાઈલ હુમલા કર્યા હતા.

આ ઘટનાક્રમને કારણે અમેરિકા અને ઈરાન વચ્ચે જૂનમાં થયેલો વચગાળાનો શાંતિ કરાર તૂટી પડવાની સ્થિતિ સર્જાઈ છે અને ફરી પૂર્ણ યુદ્ધનો ખતરો ઉભો થયો છે.



અમેરિકાના સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM)એ જણાવ્યું કે ઈરાનના દરિયાકાંઠાના સંરક્ષણ તંત્ર, મિસાઈલ અને ડ્રોન મથકો, નૌકાદળની ક્ષમતાઓ, દારૂગોળાના ભંડારો, સંચાર વ્યવસ્થા અને દરિયાઈ દેખરેખના કેન્દ્રોને નિશાન બનાવીને હુમલા કરવામાં આવ્યા છે.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે હોર્મુઝની સામુદ્રધુનીને નિયંત્રણમાં લેવા માટે અમેરિકા જરૂરી તમામ પગલાં ભરશે અને ઈરાનને પરમાણુ હથિયાર મેળવવાથી રોકવા હુમલા ચાલુ રહેશે. તેમણે દાવો કર્યો કે અમેરિકાએ છેલ્લા ચાર મહિનામાં ઈરાનના નૌકાદળ, વાયુસેના, મિસાઈલ ક્ષમતા અને ડ્રોન ઉત્પાદનને ભારે નુકસાન પહોંચાડ્યું છે.

ટ્રમ્પે વધુમાં કહ્યું કે હોર્મુઝમાંથી સુરક્ષિત રીતે પસાર થનારા વેપારી જહાજોની સુરક્ષા માટે અમેરિકા ખર્ચ કરી રહ્યું છે, તેથી અન્ય દેશોએ પણ તેનો ખર્ચ ચૂકવવો જોઈએ. તેમણે સુરક્ષા બદલ માલની કિંમતના 20 ટકા જેટલી ફી વસૂલવાનો પણ સંકેત આપ્યો. અમેરિકાએ જાહેરાત કરી છે કે ઈરાન પરની નવી નૌકાબંધી દરિયાઈ કાયદા મુજબ 24 કલાકની પૂર્વ સૂચના બાદ અમલમાં આવશે.

### ઈરાને વળતા હુમલા કર્યા

અમેરિકી હુમલાના જવાબમાં ઈરાને બહેરીનમાં આવેલી અમેરિકી

...અનુસંધાન પાના 11 પર

